અપીલ અરજી નં.૩૪૭ તા.૨૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૧૬–૯–૧૧ની અરજીથી તા. ૨૩–૮–૧૧ના રોજ વરાછા ઈસ્ટ ઝોનના દબાણ ખાતાના કર્મચારી શ્રી ગોરસા નામે ઓળખાય છે અને તેને કાર્યપાલક ઈજનેરની કચેરીમાં કાર્યપાલક ઈજનેરની સમક્ષ સમય : ૪:૩૦ કલાકે ઝોન કચેરીમાં કરેલ આક્ષેપ કે જે માહિતી માંગનાર શ્રી રામદાસભાઈ ચૌધરીને ઝુંપડાવાસીઓની રૂબરૂમાં અને તેમની હાજરીમાં જે રૂ. ૨૫૦૦૦/– લેવામાં આવે છે તેવા આક્ષેપ કરવામાં આવેલ હતા અને તે આક્ષેપનો જવાબ માહિતી અધિકાર નિયમ આરટીઆઈ મારફતે આપી દેવા વિનંતી બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૭/૨૦૧૧–૧૨

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૧૬–૯–૧૧ની અરજીથી તા. ૨૩–૮–૧૧ના રોજ વરાછા ઈસ્ટ ઝોનના દબાણ ખાતાના કર્મચારી શ્રી ગોરસા નામે ઓળખાય છે અને તેને કાર્યપાલક ઈજનેરની કચેરીમાં કાર્યપાલક ઈજનેરની સમક્ષ સમય : ૪:૩૦ કલાકે ઝોન કચેરીમાં કરેલ આક્ષેપ કે જે માહિતી માંગનાર શ્રી રામદાસભાઈ ચૌધરીને ઝુંપડાવાસીઓની રૂબરૂમાં અને તેમની હાજરીમાં જે રૂ. ૨૫૦૦૦/– લેવામાં આવે છે તેવા આક્ષેપ કરવામાં આવેલ હતા અને તે આક્ષેપનો જવાબ માહિતી અધિકાર નિયમ આરટીઆઈ મારફતે આપી દેવા વિનંતી બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીહત નકલ સહ મોકલવા** પત્ર ન.આરટીઆઈ સેલ/૧૦૨૦ તા.૪–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના દાવાના સમર્થનમાં જે આધાર હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૫–૧૧–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૭૦ તા.૨૦–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૧૧–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં માહિતી ન મળવાના કારણે નારાજ થઈ તા.૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૭૦ તા.૨૦–૧૦–૧૧ થી " કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં આ મુદ્દે થયેલ ચર્ચા કોઈ પણ વ્યકિતના નામજોગ થયેલ નથી તેની જાણ થવા વિનંતી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પૂરક પત્રમાં વરાછા ઈસ્ટઝોન કચેરીના દબાણ ખાતાના કર્મચારી શ્રી ગોરસાએ કરેલા આક્ષેપ મારા તરફથી તાકીને રૂા.૨૫૦૦૦/– (પચ્ચીસ હજાર) લેવામાં આવે છે તે અંગે ઝોનલ અધિકારી મંડળ કે શિવાજીનગર અને મહારાણા પ્રતાપ નગરના તમામ ઝુંપડાવાસીઓ હાજર હતાં અને આ અંગે જે ગંભીર કરેલા આક્ષેપ અંગે રૂા.૨૫૦૦૦/– કયા ઝુંપડાવાળા પાસેથી માંગેલ તેના નામ, સરનામા તથા HI નંબર સ્ટાંપ પેપર પર નોટરી કરી પહોંચાડવા માંગણી કરેલ તથા આપના ધ્વારા જે નિયમ મુજબ કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૪૭૦ તા.૨૦–૧૦–૧૧ થી પ્રત્યુત્તર પાઠવી હકીકત જણાવેલ છે આરટીઆઈના કાયદાનુસાર દફતરી વિગતો પૂરી પાડવાની જોગવાઈ છે જે પૂરી પડાયેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રામદાસભાઈ બી.ચૌધરી,